ગાંધીનગર સમાચાર



**અમીત શાહની પુનઃ રાષ્ટ્રીય પ્રમુખ પદે તાજપોશી થતા અરવલ્લી ભાજપ દ્વારા આતશબાજી**

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ગુજરાતના અમિત શાહની રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન રાજનાથસિંહ સહિત અનેક હોદ્દેદારોની ઉપસ્થિતિમાં પુનઃ વરણી થતાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આગામી ત્રણ વર્ષ માટે ભાજપના પ્રમુખ અમિત શાહની વરણીને સમગ્ર દેશમાં અને ગુજરાતના ભાજપાના કાર્યકર્તાઓ મીઠાઈઓ વહેચી, ફટાકડા ફોડી આતશબાજી કરી ઉજવણી કરી હતી. રવિવારે અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલયથી મોડાસા ચાર રસ્તા સુધી જયઘોષના નારા લગાવી ચાર રસ્તાના મધ્યમાં ભારે આતશબાજી કરી અમિતશાહની નિમણુંકને વધાવી લીધી હતી.

# પોલીસને ચાર વર્ષે બાળકે કહ્યું 'મારે ઘરે જવું છે'

## દિયોદરમાંથી ચાર વર્ષ અગાઉ ગુમ થયેલ બાળકને ઘર યાદ આવ્યુ : પાલનપુર બાળ રીમાન્ડ હોમ દ્વારા બાળકને દિયોદર લવાયો : માતા-પિતા ન મળતા પરત લઈ જવાયો

દિયોદર, તા. ૨૫

દિયોદર તાલુકાના રવેલ ગામનો બાળક ચાર વર્ષ અગાઉ ગુમ થયો હતો જે બાળક ઊંઝા પોલીસને શહેરમાંથી ભીખ માંગતો મળી આવતા ઉંઝા પોલીસે બાળકને પાલનપુર સુરક્ષા બાળ રિમાન્ડ હોમ ખાતે રાખવામાં આવ્યો હતો. જે બાળકે દિયોદરનો હોવાનુ અને ઘરે જવાનું કહેતા બાળકને દિયોદર ખાતે લાવવામાં આવ્યો હતો. જેમાં બાળકના માતા-પિતા ન મળતા બાળકને પરત પાલનપુર ખાતે લઈ જવાયો હતો.

દિયોદર તાલુકાના રવેલ ગામનો વિપુલભાઈ ચહરાભાઈ દેવીપુજક ઉં.વ. ૮ તે તેના પીતા મરણ ગયા હતા અને તેની માતા ત્રણ સંતાનોને તરછોડી બીજે જગ્યાએ ઘર સંસાર માડ્યો હતો. જેમાં આ ત્રણે ભાઈઓ ઊંઝા ખાતે રહેતા હતા ત્યારે ચાર વર્ષ અગાઉ વીપુલ ઊંઝા ખાતે વિખુટો પડ્યો હતો અને ભીખ માંગતો ઊંઝા પોલીસને નજરે પડતા ઊંઝા પોલીસે તેને પુછપરછ કરતા બાળકે પાલનપુર બાજુનો હોવાનું જણાવ્યુ હતુ. જેમાં ઊંઝા પોલીસે બાળકને પાલનપુર સમાજ સુરક્ષા અંતર્ગત બાળ રિમાન્ડ હોમ ખાતે રખાયો હતો. પરંતુ બાળક ગભરાયેલ હોવાથી ચોક્કસ ઓળખ આપતો ન હતો. જેમાં ચાર વર્ષ પછી અચાનક બાળકને પોતે દિયોદર અને રવેલ ગામનો હોવાનું યાદ આવતા બાળ રિમાન્ડ હોમના કર્મચારીએ તેને દિયોદર લઈને આવ્યા હતા. બાળકે તેને પોતાના રહેઠાણ વિસ્તાર બતાવતા તેના કૌટુંબીજનો સાથે



મુલાકાત થઈ હતી પરંતુ તેના પરિવારનું કોઈ સભ્ય ન મળતા બાળ રિમાન્ડ હોમ દ્વારા તેને પરત લઈ જવાયો હતો.

## મોડાસાની મખદુમ શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલ ધી મખદુમ એજ્યુકેશન સોસાયટી મોડાસા સંચાલિત મખદુમ હાયરસેકન્ડરી સ્કૂલ અને મખદુમ પ્રાથમિક શાળાના એકાવનમાં વાર્ષિક ઉત્સવ પ્રસંગે તેજસ્વી તારલાઓનું સન્માન અને સંમેલન યોજવામાં આવ્યું હતું.

સ્થાનિક ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકો અને વાલીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા અને સમગ્ર કાર્યક્રમનું આયોજન મખદુમ હાઈસ્કૂલના પ્રમુખ નઈમભાઈ મેઘરજી અને આરીફભાઈ ભાયલાએ કર્યું હતું. જયારે મખદુમ હાઈસ્કૂલના શિક્ષકોએ પણ કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી હતી.

# હફસાબાદ-છાપરામાં શિક્ષણનો બહિષ્કાર કરાતા ચાર દિવસથી શાળાના ક્લાસરૂમ-મેદાન સૂમસામ



મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના હફસાબાદ-છાપરા ગામના ગામલોકોએ ગામની પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન સંચાલકની નિમણૂંક ગામના જ પ્રતિનિધિની જગ્યાએ બાજુના હફસાબાદ ગામની મહિલાની રાજ્ય સરકારના નિયમ અનુસાર નિમણુંકને લઈને ગ્રામજનોમાં નારાજગી ઉઠી હતી અને ગામના જ વ્યક્તિની નિમણુંક કરવાના હઠાગ્રહને લઈને છેલ્લા ચાર દિવસથી ગામના ૯૭ બાળકોને શાળાએ ન મકોલી શિક્ષણનો બહિષ્કાર કરતા સતત ચાર દિવસથી શિક્ષણકાર્ય ઠપ્પ થઈ ગયું છે. પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષણગણ રાબેતા મુજબ શાળાએ પહોંચી જાય છે પરંતુ શાળાએ એક પણ બાળક ન આવતા શાળા સમય પૂર્ણ થયા બાદ ઘરે પરત ફરી જાય છે. શુક્રવારે જિલ્લા નાયબ કલેક્ટર અને મામલતદાર દ્વારા ગામલોકોને સમજાવ્યા હતા. ગામલોકો ટસના મસ ન થતા સોમવારે પણ શાળા અને મેદાન સૂમસામ ભાસતા હતા. મંગળવારે ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિને શાળામાં શિક્ષકો એકલા ધ્વજવંદન કાર્યક્રમ કરશે કે પછી શાળાના બાળકો અને ગામ લોકો ધ્વજવંદનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે તે જોવુ રહ્યું.



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ક્ષત્રિય ઠાકોર સમાજના ગામેગામ વ્યસન મુક્તિ અભિયાન કાર્યક્રમ અંતર્ગત બાઈક રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. અરવલ્લી જીલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયભાઈ ઠાકોરના જણાવ્યા મુજબ ક્ષત્રિય ઠાકોર સમાજની વસ્તી ધરાવતા ગામેગામ વ્યસન મુક્તિ કાર્યક્રમ અંતર્ગત ક્ષત્રિય ઠાકોર સમાજના નવયુવાનો ધ્વારા બાઈક રેલીનો કાર્યક્રમ યોજાયો હતો.બાઈક રેલીમાં ક્ષત્રિય ઠાકોર સમાજના નવયુવાનો ગામે ગામથી મોટી સંખ્યામાં જોડાયા હતા.

## રામપુર ખાતે બ્રાહ્મણ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રામપુર (કોટ) ખાતે શ્રી બાવીસ તપોધન બ્રાહ્મણ સમાજના સાનિધ્યમાં શ્રી શિવ શક્તિ સેવા મંડળ ટ્રસ્ટ આયોજીત ૨૫મો સમૂહ લગ્નોત્સવ અને ઉપનયન સંસ્કાર વિધિ તા. ૩૧-૧-૨૦૧૬ને રવિવારના રોજ રામપુર (કોટ) મુકામે યોજાશે. જેમાં સમાજના ૧૪ જેટલા જોડાઓ (યુવા-યુવતી)ઓ લગ્નગ્રંથીથી જોડાઈને પ્રભુતામાં પગલા પાડશે. જ્યારે ૩૦ જેટલા બ્રાહ્મણ સમાજના બટુકો પણ જનોઈ ધારણ કરશે. જ્યારે સમાજનો પ્રત્યેક પરિવારોના યોગદાનથી આ પ્રસંગ ધામધૂમથી ઉજવનાર હોવાનું પ્રમુખ કનુભાઈ નાનાલાલ રાવલ દ્વારા જાણવા મળ્યું છે. જ્યારે આ વખતે રામપુર ખાતે યોજાનાર સમુહ લગ્નોત્સવના દાતા રાવલ વાસુદેવ કાન્તિલાલ પરિવાર રામપુર નિવાસી દ્વારા યોજાનાર છે. જેમાં સમાજના આ સમાજહિતના કાર્યમાં સહભાગી બન્યા છે. ૨૫મા સમૂહ લગ્ન અને યજ્ઞોપવિત્ર સંસ્કાર સમારોહમાં જોડાવવા શિવશક્તિ સેવા મંડળના ટ્રસ્ટના ચેરમેન સુરેશભાઈ લક્ષ્મણદાસ રાવલ દ્વારા હૃદયપૂર્વક આવકારવામાં આવ્યા છે. જ્યારે સમાજના ઉપપ્રમુખ વિનુભાઈ, રમણલાલ, મંત્રી મહેશભાઈ તથા હોદ્દેદારો સહિત કારોબારી સભ્યો દ્વારા ૨૫મા સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

# લક્ષ્મીપુરાની એન.એલ. હાઈસ્કૂલનો સુવર્ણ જયંતિ સમારોહ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૫

ખેડબ્રહ્મા તાલુકાના જ્ઞાનમંડળ ગૃપ લક્ષ્મીપુરા સંચાલિત નરોત્તમભાઈ લાલભાઈ હાઈસ્કૂલનો સુવર્ણ જયંતિ મહોત્સવ તથા પૂર્વ વિદ્યાર્થી-દાતાઓનો સન્માન સમારોહ રવિવારના રોજ ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ગોતા કંપાના સંતશ્રી શાંતીદાસ મહારાજે આશિર્વચન આપતાં જણાવ્યું હતું કે ધર્મસત્તા અને રાજ સત્તા ભેગી થાય ત્યારે રાષ્ટ્રમાં ક્રાંતિ આવે છે અને ભણતર બધે મળશે. ગણતર અહીજ મળશે ચારિત્ર વિકાસ માટે આ શ્રેષ્ઠ સંસ્થા છે. ઉદ્ઘાટક તથા સમારોહના અધ્યક્ષ દારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે જણાવ્યું હતું કે આ સંસ્થાએ બ્રાહ્મણ-પટેલ-ચારણ-બક્ષીપંચ સહીત દરેક સમાજના બાળકોને ભણાવ્યા છે. આ પ્રસંગે ધારાસભ્ય ગ્રાન્ટમાંથી હાઈસ્કૂલના આરસીસી રોડ માટે રૂ. ત્રણ લાખની ગ્રાન્ટ આપવાની અશ્વિનભાઈએ જાહેરાત કરી હતી. દાતાઓ તથા પૂર્વ વિદ્યાર્થી વ્યક્તિ વિશેષ સન્માનમાં ડૉ. મણીભાઈ પટેલ, ડૉ. સી.કે. પટેલ, પ્રિન્સિપાલ એન.ડી. પટેલ, તાલુકા હેલ્થ ઓફિસર હિતેન્દ્ર ગઢવી, જજ અરવિંદભાઈ ચારણ, જિલ્લા રજીસ્ટાર પ્રતિકકુમાર ઉપાધ્યાય સહીત અન્ય પૂર્વ વિદ્યાર્થીઓનું શાલ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.



**અરવલ્લી જિલ્લા તુરી-બારોટ સંગઠન ગરીબોના વ્હારે**

અરવલ્લી જિલ્લા યુવા તુરી-બારોટ સંગઠનના યુવાનમિત્રો દ્વારા જિલ્લાના ગામડાઓમાં વસવાટ કરતા સમાજના વૃદ્ધ-નિરાધાર અને જરૂરીયાતમંદોને ગામડાઓમાં ઘરે-ઘરે જઈ ધાબળાનું વિતરણ કરાયું હતું. તદ્ઉપરાંત જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ફૂટપાથ અને ઝુંપડપટ્ટીઓમાં રહેતા નિરાશ્રિતોને પણ ગાત્રોથી જીવતી ઠંડીમાં ગરમ ધાબળા પુરા પાડી ઠંડી સામે રક્ષણ પુરૂ પાડવાની સાથે હૂંફ આપી હતી.

## મોડાસામાં રાષ્ટ્રીય મતદાન દિનની ઉજવણી

મોડાસા, તા. ૨૫

ભારતમાં આજે મતદાન દિન તરીકે ઉજવવામાં આવી રહ્યો છે જેથી ગુજરાત રાજ્યમાં પણ મતદાન દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં પણ મતદાન દિવસની ઉજવણી બાળકો દ્વારા રેલી યોજીને કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ છાકછુઆકના અધ્યક્ષસ્થાને ૨૦ થી વધુ શાળાના બાળકો એકત્ર થયા હતા. મોડાસા ચાર રસ્તાથી મતદાન અંગે જાગૃતિ ફેલાવતા બેનરો સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં રેલી ફેરવવામાં આવી હતી અને મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા.





**મોડાસામાં જયસ્વાલ સમાજનું અધિવેશન યોજાયું**

અરવલ્લી જિલ્લાના મોડાસામાં જયસ્વાલ સમાજનું રાજ્યકક્ષાનું ૧૧મું અધિવેશન યોજાયું હતું. બંધન પરિવારના કેતુલભાઈ જયસ્વાલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સંમેલનમાં પરિચય મેળો નવા વરાયેલ પ્રમુખની શપથવિધિ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા જયસ્વાલ સમાજના પ્રમુખ આશિષભાઈ જયસ્વાલ શપથ ગ્રહણ કર્યા હતા. રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં જયસ્વાલ સમાજના ભાઈઓ અને બહેનો આ અધિવેશનમાં હાજર રહ્યા હતા. પૂર્વ પ્રમુખ ભરતભાઈ જયસ્વાલ અને મંત્રી અરવિંદભાઈ જયસ્વાલ, ઉદ્ઘોષક ડૉક્ટર નવનીતભાઈ જયસ્વાલ સહિતના આગેવાનોએ અધિવેશનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમના દાતા બંધન પરિવાર મોડાસા સમાજે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે નવા વરાયેલા પ્રમુખે જણાવ્યું હતું કે સમાજની ઉન્નતી અને વિકાસ માટે તનતોડ મહેનત કરવામાં આવશે. સમાજમાં શિક્ષણનું વ્યાપ વધે અને સમાજ એક થાય તે દિશામાં સતત કામ કરવામાં આવશે. આ પ્રસંગે સમાજના વિવિધ આગેવાનોનું ફૂલહાર અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## પદમારાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પદમારાણીના જ નામથી સુપ્રસિદ્ધ વરિષ્ઠ અભિનેત્રીનો જન્મ પુનામાં ભિમરાવ ભોંસલે અને કમલાબાઈ રાણેના સાવ સામાન્ય મરાઠી પરિવારમાં થયો હતો. પરન્તુ તેમનો ઉછેર વડોદરામાં થયો હતો. માત્ર ૧૮ વર્ષની વયે તેઓ નામદાર ઈરાની નામના નાટ્ય નિર્માતાના પ્રેમમાં પડીને તેમને પરણ્યા હતા. પદમારાણી અને નામદાર ઈરાનીને ડેઈઝી ઈરાની નામના એક દીકરી પણ છે, જેમણે બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મોમાં યુગમાં બાળ કલાકાર તરીકે અનેક ફિલ્મોમાં કામ કર્યું છે. હાલમાં ડેઈઝી ઈરાની લગ્ન કરીને સિંગાપોરમાં સ્થાયી થયા છે.

પદમારાણી અને ગુજરાતી તખ્તાના ખ્યાતનામ અભિનેત્રી સરિતા જોષી બન્ને બહેનો હતા, પરન્તુ પારિવારિક ઝઘડાઓને કારણે તેમના વચ્ચે અણબનાવ વધુ રહ્યો. છેલ્લા ઘણા સમયથી પદમારાણી ગુજરાતી ફિલ્મો-તખ્તાના પીઢ અભિનેતા અરવિંદ રાઠોડ સાથે જોડાયા હતા.

છેલ્લા વર્ષમાં પદમારાણી અને અરવિંદભાઈ રાઠોડે 'પદ્મરાજ' નામે પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું હતું. 'મારી તો અરજી બાકી તમારી મરજી' - અત્યારે ચાલી રહેલું નાટક તેમના આ પ્રોડક્શન હાઉસનું પહેલું અને તેમની લાઈફ ઈનિંગનું છેલ્લુ નાટક બની રહેશે. ગાંધીનગર માટે એ પણ યાદગાર બની રહેશે કે, ગાંધીનગરના અભિનેતા હિતેશ રાવલ પણ આ નાટકમાં એક ભૂમિકા ભજવી રહ્યા હતા.

શ્રી અરવિંદભાઈ રાઠોડ માટે પદમારાણી ઈશ્વર પછીના ક્રમે હતા. તેમણે છેલ્લા મહિનામાં જ 'ચિત્રલેખા' મેગેઝીનની વેબસાઈટ માટે આપેલી એક મુલાકાતમાં પદમારાણીની ઉપસ્થિતિમાં જ કહ્યું હતું કે, 'પદમારાણીમાં મેં ગુણ સિવાય કંઈ જ જોયું નથી. મને પગથી માથા સુધી ગમેલી હોય એવી બે વ્યક્તિઓ - એક ઈશ્વર અને બીજા પદમારાણી. મને હંમેશા એમનામાંથી ઉર્જા મળી છે. હું એમની સમીપ હોઉં એટલે મને શક્તિ પ્રાપ્ત થાય છે. રંગદેવતા, ઈશ્વર અને પદમારાણી મને ઉર્જા આપે છે' પદમારાણીએ પણ કહ્યું હતું કે, 'અમારા વચ્ચે વિશ્વાસ એ સૌથી મોટી વસ્તુ છે. એ (અરવિંદભાઈ રાઠોડ) મારું બહુ ધ્યાન રાખે છે.' પદમારાણી અને અરવિંદભાઈ રાઠોડ છેલ્લા લગભગ ૫૦ વર્ષોથી સાથે કામ કરી રહ્યા હતા.

પદમારાણીએ 'બા રિટાયર થાય છે, બા એ મારી બાઉન્ડ્રી, કેવડાના ડંખ, સપ્તપદી, ચંદરવો, ફાઈવ સ્ટાર આન્ટી અને વચન જેવા યાદગાર સફળ નાટકો આપ્યાં છે, તો છેક ૧૯૬૧ થી નરસૈયાની હુંડી, અખંડ સૌભાગ્યવતી, કલાપી, જેવી બ્લેક એન્ડ વ્હાઈટ ગુજરાતી ફિલ્મો અને પાતળી પરમાર, ગંગાસતી, લોહીની સગાઈ, ભગત પીપાજી, કસુંબીનો રંગ જેવી સુપરડુપર હીટ ગુજરાતી ફિલ્મો આપી છે. તેઓ ગુજરાતી ફિલ્મો અને તખ્તાના 'નિરૂપારોય' કહેવાતા. પદમારાણીએ 'પરિવાર' જેવી હિન્દી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા પણ ભજવી હતી. આમીરખાનની ફિલ્મ 'દિલ'માં તેઓ આમીરખાનની માતાની ભૂમિકામાં હતા. ફિલ્મોની સરખામણીએ તેમણે નાટકોને વિશેષ મહત્વ આપ્યું હતું. નાટકોના ૬૦૦૦ થી વધુ શૉ તેમણે કર્યા હતા.

જન્મ તારીખ અને નિર્વાણ તારીખ એક જ હોય એ બહુ જ મોટો આશ્ચર્યજનક યોગાનુયોગ છે. પદમારાણીને અત્યારે મુંબઈ અને કલાના જગતમાં લોકો 'બેન'ના સંબોધનથી બોલાવતા. પદમારાણી-'બેન'ની આખરી-'અણધારી' એક્ઝિટથી તખ્તો સાવ સૂનો અને ગુજરાતી ફિલ્મોનો પરદો કોરો ધાક્કોર થઈ ગયો છે.

## ઉત્સાહપૂર્વક

● અનુસંધાન પહેલાનું ચાલુ

લઈને દિલ્હી એરપોર્ટ, મેટ્રો સ્ટેશનો, રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન તથા ધાર્મિક સ્થળો ખાતે ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. ઉત્તરપૂર્વમાં અનેક બળવાખોર સંગઠન સક્રિય છે. જેથી અહીં પણ વિશેષ સુરક્ષા રાખવામાં આવી છે. આસામ અને મણિપુરમાં ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. તમામ રાજ્યોમાં પોલીસ પેટ્રોલિંગ અને અન્ય પ્રકારની ચકાસણી મજબુત બનાવી દેવામાં આવી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, જમ્મુ-કાશ્મીર સહિત દેશના તમામ રાજ્યોમાં ઉજવણીને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે.

## જશુભાઈ બારડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સહીતના રાજકીય વર્તુળમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. જશુભાઈ બારડે આઠમી, નવમી, દશમી અને તેરમી વિધાનસભામાં એક સાચા લોકસેવક રૂપે પ્રજાની સેવા કરી હતી. તેઓએ વર્ષ ૧૯૯૧-૯૨માં સરકારના જળસંપત્તિ વિભાગ તેમજ વર્ષ ૧૯૯૨-૯૪માં પાણી પુરવઠા તેમજ ઉર્જા વિભાગના મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી. વર્ષ ૨૦૦૪-૦૯ દરમિયાન ચૌદમી લોકસભામાં જુનાગઢ જિલ્લાના સાંસદસભ્ય તરીકે ચુંટાઈને પ્રજાના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓ ધાનાભાઈ બારડ કેળવણી મંડળ ધુલિયા ના પણ અધ્યક્ષ હતા.

## હવે મનપામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરની હદમાં વધારો થશે તેવી ચાલતી રાજકીય અટકળોનો આ સાથે અંત આવ્યો છે. આજે આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ હવે ધીમી ગતિએ નગરના રાજકીય પ્રવાહોમાં સળવળાટ શરૂ થઈ ગયો છે. નવુ સીમાંકન ઝીબ્રા આધારિત હોવાથી ઘણા બધા ફેરફારો થશે તેમ મનાઈ રહ્યું છે. જો કે સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં કે ચોથા સપ્તાહમાં જાહેર થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. નવા વોર્ડની રચના અને તેના નકશા તૈયાર કરી પંચને આપી દરખાસ્ત કલેક્ટર દ્વારા મોકલવામાં આવશે.

## પદ્ધતિમાં બદલાવ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ વધુ સરળ કર્યું છે. મતદાતા લોકતંત્રનો સંરક્ષક છે. ત્યારે ભારતનો નાગરિક દરેક ચૂંટણીઓને એક પર્વ સમજી પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તેવી અપીલ કરી હતી. ભારત જેવા વિશાળ દેશમાં ભારત ચૂંટણી પંચ દ્વારા નાગરિકોમાં ચેતના જગાવી વિશાળ પાયે મતદાતાઓને મોટીવેટર કરી મતદાન પ્રત્યે જાગૃતિના પ્રયાસો કર્યા છે. ત્યારે દેશના નાગરિકોમાં નિરાશાવાદીની ભાવના દૂર થાય અને આશાવાદીનો માહોલ સર્જાય તે મજબૂત લોકતંત્ર માટે ખૂબ જ જરૂરી છે.

**જાહેર નિવિદા**

**વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) માંગણી મુજબ (ON CALL) પૂરી પાડવા અંગે**

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ હસ્તકની સરકારી વાહન વ્યવહાર સેવા, સેક્ટર-૩૦, ગાંધીનગર કચેરીમાં વાહન સુચનાનુસાર (હંકારનારની સેવા સાથે) માંગણી મુજબ **(ON CALL)** પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૩.૦૦ કલાક સુધી તારીખ ૮/૨/૨૦૧૬ સુધીમાં કચેરી ખાતેથી મેનેજર, સરકારી વાહન વ્યવહાર સેવા, ગાંધીનગરના નામનો રૂ. ૫૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ઈચ્છા ધરાવતી એજન્સીઓ કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરીયાત, કચેરીની સ્થિતિ વિગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૨/૨/૨૦૧૬ના રોજ સાંજે ૪-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે. આવેલ ટેન્ડરો હાજર રહેલ એજન્સીની સમક્ષ તારીખ ૨૫/૨/૨૦૧૬ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ખોલવામાં આવશે.

**સ્થળ : ગાંધીનગર** **મેનેજર સરકારી વાહન વ્યવહાર સેવા**
**તારીખ : જાન્યુ/૨૦૧૬** **ગાંધીનગર**

માહિતી/૨૩૯૭/૨૦૧૫-૧૬